# ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી

(આઇ. એસ. ઓ. ૯૦૦૧:૨૦૧૫ પ્રમાણિત સંસ્થા),

"સંહતિ", છઠ્ઠો માળ, એસ.આઇ.ઇ.સી.સી. કેમ્પસ, ખજોદ ચાર રસ્તા પાસે, અલથાણ રોડ, સરસાણા, સુરત – ૩૯૫ ૦૦૭

ફોન નં. ૨૨૯૧૧૧૧ ફેક્સ નં.૦૨૬૧–૨૪૭૨૩૪૦

E-mail : info@sgcci.in Website : www.sgcci.in


Ref no. PN 2025-26/201 Dt. 03/11/2025

તંત્રીશ્રી, ____________________________, સુરત.

મે. સાહેબશ્રી,

જત નીચેની પ્રેસ નોટ આપના દૈનિકમાં પ્રસિદ્ધ કરી આભારી કરશોજ.

લિ.
આપનો વિશ્વાસુ,

(સેક્રેટરી)

---

## ચેમ્બર ઓફ કોમર્સના પ્રમુખ શ્રી નિખિલ મદ્રાસીને રાષ્ટ્રીય સ્તરના વિવિધ પ્રતિષ્ઠિત ઉદ્યોગ સંસ્થાઓમાં મહત્વપૂર્ણ સ્થાન મળ્યું

### ચેમ્બર પ્રમુખની નિમણૂંકોથી રાષ્ટ્રીય તથા આંતરરાષ્ટ્રીય સ્તરે સહકાર, ભાગીદારી અને નેટવર્કિંગના નવા માર્ગો ખુલશે, જે પ્રદેશના ઔદ્યોગિક વિકાસને વેગ આપવા હેતુ નવી તક અને નવીનતા માટેના દરવાજા ખોલશે

**સુરતઃ** ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઇન્ડસ્ટ્રીના પ્રમુખ શ્રી નિખિલ મદ્રાસીની રાષ્ટ્રીય સ્તરે વિવિધ અગ્રણી ઉદ્યોગ સંસ્થાઓમાં પ્રતિષ્ઠિત નિમણૂકો કરવામાં આવી છે.

ચેમ્બર ઓફ કોમર્સના પ્રમુખ શ્રી નિખિલ મદ્રાસીની એસોચેમ (ASSOCHAM) – એસોસિએટેટ ચેમ્બર્સ ઓફ કોમર્સ એન્ડ ઇન્ડસ્ટ્રી ઓફ ઇન્ડિયા, નવી દિલ્હી ખાતે મેનેજિંગ કમિટીના ઈલેકટેડ સભ્ય તરીકે, ફિક્કી (FICCI) – ફેડરેશન ઓફ ઇન્ડિયન ચેમ્બર્સ ઓફ કોમર્સ એન્ડ ઇન્ડસ્ટ્રી, નવી દિલ્હી ખાતે નેશનલ એક્ઝિક્યુટિવ કમિટીના નોમિનેટેડ સભ્ય તરીકે, (IMC) – ઇન્ડિયન મર્ચન્ટ ચેમ્બર, મુંબઈ ખાતે મેનેજિંગ કમિટીના નોમિનેટેડ સભ્ય તરીકે અને જીસીસીઆઈ (GCCI) – ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઇન્ડસ્ટ્રી, અમદાવાદ ખાતે મેનેજિંગ કમિટીના નોમિનેટેડ સભ્ય તરીકે નિમણૂંક થઇ છે.

તેમની આ નિમણૂંકોના પરિણામે દક્ષિણ ગુજરાતના ઉદ્યોગોને અનેક લાભ થશે, જેમ કે ઉદ્યોગોના હિતો માટે રાષ્ટ્રીય તેમજ આંતરરાષ્ટ્રીય સ્તરે રજૂઆતો કરી શકાશે, જે દક્ષિણ ગુજરાતની જરૂરિયાતોને કેન્દ્ર સરકાર સુધી પહોંચાડશે. વ્યાપાર અને ઉદ્યોગ માટેની નીતિનિર્માણ પ્રક્રિયામાં પ્રભાવશાળી ભાગીદારી શકય બનશે, જે પ્રદેશના ઔદ્યોગિક વિકાસને વેગ આપશે. રાષ્ટ્રીય તથા આંતરરાષ્ટ્રીય સ્તરે સહકાર, ભાગીદારી અને નેટવર્કિંગના નવા માર્ગો ખુલશે, જે નવી તક અને નવીનતા માટેના દરવાજા ખોલશે. આ ઉપરાંત, વિશેષ જ્ઞાન, માર્ગદર્શન તથા સંસાધનોનો લાભ દક્ષિણ ગુજરાતના ઉદ્યોગોને વધુ સરળતાથી પ્રાપ્ત થશે.

શ્રી નિખિલ મદ્રાસીની ઉદ્યોગ જગત પ્રત્યેની નિ:સ્વાર્થ સેવા, પ્રતિબદ્ધતા અને નેતૃત્વને પગલે તેમને આ પ્રતિષ્ઠિત નિયુક્તિઓ મળી છે. ચેમ્બર પરિવાર તથા સમગ્ર દક્ષિણ ગુજરાતના ઉદ્યોગ વર્ગ તરફથી શ્રી નિખિલ મદ્રાસીને હાર્દિક અભિનંદન પાઠવવામાં આવે છે અને તેમની આગેવાનીમાં દક્ષિણ ગુજરાતના ઉદ્યોગ જગતને નવી ઊંચાઇએ પહોંચાડવા માટે શુભકામનાઓ વ્યકત કરવામાં આવે છે.